# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-09-2025** **EVENING: 7.50 TO 8.00**
**Day : MONDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

**************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું, અરુણાચલની ધરતી માત્ર ઉગતા સૂરજની જ નહીં પણ દેશભક્તિનું ઉત્પત્તિ સ્થાન છે

2) દેશમાં આજથી લાગુ થયેલા GST ફેરફાર અંગે શ્રી મોદીએ કહ્યું, તેનાથી સૌથી વધુ લાભ મહિલાઓને થશે

3) કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે, સહકારી સંસ્થાઓ માટે ધિરાણની વ્યવસ્થા બદલ બનાસકાંઠા અને પંચમહાલની પ્રશંસા કરી.

4) ગૃહ મંત્રાલયે નાગાલેન્ડની રાષ્ટ્રીય સમાજવાદી પરિષદ —ખાપલાન્ગ સંગઠનને પાંચ વર્ષ માટે ગેરકાયદેસર જાહેર કર્યું.

**5)** ભારત અને મોરક્કો વચ્ચે સંરક્ષણ સહકાર પર સમજૂતી કરાર થયા

.............................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ આવતીકાલે સવારે સાત વાગીને 10 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો)

# REV PM ARUNACHAL VISIT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે અરુણાચલ પ્રદેશમાં પાંચ હજાર 100 કરોડ રૂપિયાથી વધુની માળખાકીય સુવિધાની પરિયોજનાઓનો પ્રારંભ કરાવ્યો. તેમાં ઊર્જા અને સ્થાનિક વિકાસમાં રાજ્યની વધતી ભૂમિકા પર પ્રકાશ પાડવામાં આવ્યો. પ્રધાનમંત્રી મોદીએ શિ યોમી જિલ્લામાં બે મુખ્ય જળ-વિદ્યુત પરિયોજનાઓ અને તવાંગમાં એક સંમેલન કેન્દ્રનું વર્ચ્યૂઅલ માધ્યમથી ખાતમુહૂર્ત કર્યું. પ્રધાનમંત્રીએ માર્ગ સંપર્ક, આરોગ્ય સેવા અને અગ્નિ સુરક્ષા સહિત વિવિધ ક્ષેત્રમાં એક હજાર 290 કરોડ રૂપિયાથી વધુની પરિયોજનાઓનો પણ શુભારંભ કરાવ્યો.

બાદમાં ઈટાનગરમાં ઇન્દિરા ગાંધી પાર્કમાં એક જનસભાને સંબોધતા શ્રી મોદીએ કહ્યું, અરુણાચલની ધરતી માત્ર ઉગતા સૂરજની જ નહીં , પણ દેશભક્તિનું ઉત્પત્તિ સ્થળ પણ છે.

(BYTE: PM NARENDRA MODI) – COLOURS

શ્રી મોદીએ કહ્યું , વર્ષ 2030 સુધી સૌર , પવન અને જળવિદ્યુત પરિયોજનાઓના માધ્યમથી બિન-પરંપરાગત સ્ત્રોતથી 500 ગીગાવૉટ વિજળી ઉત્પાદનનો ભારતનો લક્ષ્યાંક છે.

આગામી પેઢીના વસ્તુ અને સેવા કર – GST ફેરફાર અંગે શ્રી મોદીએ કહ્યું , આ ફેરફારનો લાભ સૌથી વધુ મહિલાઓને થશે. ફેરફારથી માસિક ઘરેલુ ખર્ચ ઘટશે અને બચત થશે.

(BYTE: PM NARENDRA MODI) – GST

. .

# REV TRIPURA PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે પ્રસાદ યોજના હેઠળ માતા ત્રિપુરા સુંદરી મંદિરના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું. સાથે જ ત્રિપુરાના સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસામાં એક નવો અધ્યાય જોડાયો છે.

અરુણાચલ પ્રદેશ પહોંચતાં મોટી સંખ્યામાં લોકોએ શ્રી મોદીનું સ્વાગત કર્યું. પ્રધાનમંત્રીએ પૂજા-અર્ચના કરી અને મંદિર સાથે જોડાયેલી પ્રદર્શનીનું અવલોકન કર્યું. આ પ્રદર્શની મંદિરના સમૃદ્ધ સાંસ્કૃતિક અને આધ્યાત્મિક વારસાને દર્શાવે છે. આ પ્રસંગે જમાતિયા હોદા સમુદાયના કલાકારોએ ભક્તિ ગીતો સાથે પ્રધાનમંત્રીનું સ્વાગત કર્યું હતું.

. . . . . . . . . . . . .

# PM ITANAGAR GST

પ્રધાનમંત્રીએ આજે અરુણાચલ પ્રદેશના ઇટાનગરમાં સ્થાનિક વેપારીઓ અને ઉદ્યમીઓ સાથે સંવાદ કર્યો . સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું , વેપારીઓએ સુગંધિત ચા , સ્વાદિષ્ટ અથાણું , હળદર, બેકરીની વસ્તુઓ અને હસ્તશિલ્પ સહિત ઉત્પાદનોની એક જીવંત શ્રેણીનું પ્રદર્શન કર્યું.

. . . . . . . .

# AMIT SHAH – SURAT

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે કહ્યું , દરેક સહકારી સંસ્થા જિલ્લા અને રાજ્ય બેન્ક પાસેથી જ ધિરાણ લે તેવી વ્યવસ્થા બનાસકાંઠા અને પંચમહાલમાં શરૂ કરવામાં આવી. રાજકોટ જિલ્લા સહકારી બૅન્ક સહિત જિલ્લા કક્ષાની સાત સહકારી સંસ્થાઓની વાર્ષિક સાધારણ સભામાં આજે શ્રી શાહે કહ્યું, સહકારી ક્ષેત્રમાં ત્રણ વર્ષમાં 60 પહેલ હાથ ધરાઈ.

(બાઇટ : અમિત શાહ - કેન્દ્રીય સહકાર મંત્રી)

અગાઉ શ્રી શાહ સવારે સુરતમાં વરાછા ખાતે આંતરરાષ્ટ્રીય કૃષ્ણ ભાવનામૃત સંઘ- ઇસ્કૉન મંદિરના ભૂમિપૂજન સમારોહમાં ઉપસ્થિત રહ્યા. હવે તેઓ રાત્રે અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારની ક્લાઉડ નાઇન સોસાયટી , સરખેજની વ્રજધામ ઍપાર્ટમેન્ટ અને શેલા રોડ પર આવેલા ઑર્ચિડ લેગસી ખાતે નવરાત્રિ ગરબા મહોત્સવમાં ઉપસ્થિત રહેશે.

. . . . .

# NAVRATRI

ભક્તિ, આસ્થા અને ઉત્સાહ સાથે દેશભરમાં માઁ આદ્યશક્તિની આરાધનાનાં પાવન પર્વ નવરાત્રિનો આજથી પ્રારંભ થયો છે. દેશભરનાં ધાર્મિક સ્થાનો સહિત તમામ જગ્યાએ ગરબાની રમઝટ બોલાવવા લોકો ઉત્સુક છે. ગુજરાતમાં પણ આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અમદાવાદના GMDC મેદાનમાં વાઇબ્રન્ટ ગુજરાત નવરાત્રિ ઉત્સવનો પ્રારંભ કરાવશે.

આ સાથે જ સુપ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી , બહુચરાજી , ચોટીલા, માતાના મઢમાં ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે. આજથી નવ દિવસ સુધી રાજ્યની શેરીઓ અને પાર્ટી પ્લોટમાં ખેલૈયાઓ રમઝટ બોલાવશે. શક્તિપીઠ પાવાગઢમાં પણ ભક્તિભાવપૂર્ણ માહોલમાં આજથી નવલા નોરતાનો પ્રારંભ થયો છે.

. . . . . . . . . . . . .

# PM UJJWALA

નવરાત્રિના પહેલા દિવસે સરકારે 25 લાખ નવા પાત્રતા ધરાવતા પરિવારને નિઃશુલ્ક પ્રધાનમંત્રી ઉજ્જવલા જોડાણ આપવાનો નિર્ણય કર્યો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ઉજ્જવલા પરિવારમાં સામેલ થનારાં તમામ માતાઓ અને બહેનોને શુભેચ્છાઓ પાઠવી.

એક સોશિયલ મીડિયા સંદેશમાં શ્રી મોદીએ કહ્યું , સરકારના આ પગલાથી પાવન પર્વ પર લોકોને આનંદ આપશે. તેમજ મહિલા સશક્તિકરણના સંકલ્પને પણ મજબૂત કરશે.

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો . આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો . વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . .

# HOME MINISTRY

ગૃહ મંત્રાલયે નાગાલેન્ડની રાષ્ટ્રીય સમાજવાદી પરિષદ —ખાપલાન્ગ સંગઠનને પાંચ વર્ષ માટે ગેરકાયદેસર જાહેર કરી. ગૃહ મંત્રાલયે આજે તેના તમામ જૂથ, શાખાઓ અને અગ્રીમ સંગઠનોને આ મહિનાની 28 તારીખથી પાંચ વર્ષના સમયગાળા માટે ગેરકાયદેસર સંગઠન જાહેર કર્યું છે.

મંત્રાલયે એક જાહેરનામામાં જણાવ્યું , આ સંગઠન દેશના સાર્વભૌમત્વ અને અખંડિતતાને નુકસાન પહોંચાડનારી તેમજ ગુનાખોરી પ્રવૃત્તિઓમાં સામેલ છે. તેણે યુનાઈટેડ લિબરેશન ફ્રન્ટ ઑફ અસમ-ઇન્ડિપેન્ડન્ટ , પીપલ્સ રિવોલ્શુનરી પાર્ટી ઑફ કાંગલીપાક-P.R.E.P.A.K અને પીપલ્સ લિબરેશન આર્મી- P.L.A. જેવા અન્ય ગેરકાયદેસર સંગઠનો સાથે ગઠબંધન કર્યું છે.

. . . . . . . . . . . . .

# RAJNATH MoU

મોરક્કોના રબાત ખાતે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંઘ અને મોરક્કોના સંરક્ષણ મંત્રા અબ્દુલ લતિફ લૌદીઈ વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ . દરમિયાન સંરક્ષણ સહકાર પર સમજૂતી કરાર થયા . શ્રી સિંઘે કહ્યું , બંને પક્ષ આતંકવાદ વિરોધી , દરિયાઈ સલામતી, સાયબર સુરક્ષા, શાન્તિ, સૈન્ય આરોગ્ય, તાલીમ અને ઉદ્યોગ ભાગીદારીમાં સહકારને પ્રોત્સાહન આપવા એક વ્યાપક વ્યૂહરચના અંગે સંમત થયા છે. ઉલ્લેખનીય છે કે, સંરક્ષણ મંત્રી મોરક્કોના બે દિવસના પ્રવાસે છે.

. . . .

# GST REFORMS MULTIPLE SECTORS

આગામી પેઢીના વસ્તુ અને સેવા કર- GST ફેરફાર આજથી લાગૂ થઈ ગયા છે. નવા કર માળખા હેઠળ જીએસટી પરિષદે પરોક્ષ કર પ્રણાલિને પાંચ , 12, 18 અને 28 ટકાના ચાર સ્તરના માળખાને સરળ બનાવીને પાંચ અને 18 ટકા એમ બે સ્તરના માળખા કર્યાં. આ ફેરફાર વિવિધ વસ્તુઓ અને સેવાઓ પર કર ઘટાડીને નાગરિકોને પ્રત્યક્ષ રાહત આપવા પ્રતિબદ્ધ છે. સાંભળીએ એક અહેવાલ.

(V/C- MAYUR SOLANKI)

*(....GST ફેરફારથી સરકારે વિવિધ ક્ષેત્રમાં કરમાં ઘટાડો કરી સામાન્ય નાગરિકને રાહત આપી છે. સરકારે પ્રતિ દિવસ સાત હજાર 500 રૂપિયાથી ઓછા રૂપિયાનું ભાડું લેતી હોટેલમાં જીએસટીને 12 ટકાથી ઘટાડી પાંચ ટકા કર્યો છે. તેનાથી મધ્યમ વર્ગના પરિવાર અને લોકોનો પ્રવાસ સરળ બનશે. સાથે જ મધ્યમ શ્રેણીની હોટેલ અને અતિથિ ઘરોમાં રોકાણને પ્રોત્સાહન મળશે. આ ફેરફારમાં કળા અને સાંસ્કૃતિક સામગ્રીઓ પર પણ જીએસટી પાંચ ટકા કરાયો છે. તેનાથી વૈશ્વિક સ્તર પર ભારતીય સંસ્કૃતિ અને શિલ્પ કળાને પ્રોત્સાહન મળશે. સરકારે ચોપડી, ગ્રાફ બુક, સંચા સહિતની વસ્તુઓ પર જીએસટી હટાવી દીધો છે.*

*સકલેન અખ્તર સાથે મયુર સોલંકી, આકાશવાણી, અમદાવાદ.*

. . . .